| | | | | | |
|---|---|---|---|---|---|
| | सत्यमेव जयते | રજુ તારીખ | ૦૧/૦૬/૨૦૨૬ | | |
| | | દાખલ તારીખ | ૦૧/૦૬/૨૦૨૬ | | |
| | | નિકાલ તારીખ | ૦૫/૦૬/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૦ | ૦૪ |

## પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ, મુ.પેટલાદ

**ક્રિ.કે.નં.** ૮૧૭/૨૦૨૬
**આંક :**

ફરીયાદી :– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

તહોમતદાર :– કાશીબેન વા/ઓ બાબુભાઇ ડાહ્યાભાઇ જાતે તળપદા
રહે. ગોપાલપુરા રોડ પાસે, તા.પેટલાદ,જી.આણંદ.

**ગુનો:– પ્રોહી. એકટની કલમ–૬૫(એ.એ),**

ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી મધુબેન એમ.ભુરીયા
આરોપી પક્ષ તર્ફે વિ.વકીલશ્રી પી.જે.સૈયદ

**:: ઠરાવ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામે ગુનો દાખલ થયા બાદ ત.ક.અ.શ્રીએ તપાસના અંતે આ કામના આરોપીએ મોજે પેટલાદ, દેવકુવા વાઘરીવાસ પાસે, વગર પાસ– પરમીટે એક પ્લાસ્ટીકના ગેલનમાં આશરે ૦૪ લીટર જેટલો દેશી દારુ કિંમત રુપીયા ૮૦૦/– ના પોતાના અંગ કબજામાં વેચાણ અર્થે તા.૦૨/૦૩/૨૦૨૬ ના રોજ કલાક ૧૩/૦૦ ના સુમારે આરોપી – કાશીબેન વા/ઓ બાબુભાઇ ડાહ્યાભાઇ તળપદા નાઓના કબ્જા ભોગવટામાંથી મળી આવી ગુનો કરી પકડાઇ જઇ જે ગુના બાબતે તપાસ કરનાર અમલદારે પોતાની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ–**૬૫(એ.એ),** મુજબના ગુના સબબનુ ચાર્જશીટ રજુ કરતા હાલનો ફોજદારી કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) ચાર્જશીટના કામે આરોપીને સમન્સ કરતા, આરોપી હાજર થયેલ અને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામાં

આવેસ છે. સદર કામે **આંક– ૦૪** થી આરોપી સામે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આરોપીની **આંક– ૦૫** થી પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ છે. જેથી ફરીયાદપક્ષે આરોપી સામે તહોમતનામા મુજબનો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નીચે જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**– : <u>મૌખીક પુરાવો</u> :–**

| **નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ રમેશભાઇ નારણભાઇ પટેલ નાઓની જુબાની | ૦૬ |
| ૨. | પંચ સાહેદ નટુભાઇ પુનમભાઇ વ્યાસ નાઓની જુબાની | ૦૮ |
| ૩. | ત.ક.અ. મહેશભાઇ શનાભાઇ બ.નં. ૧૨૯૭ નાઓની જુબાની | ૦૯ |

**–: <u>દસ્તાવેજી પુરાવા</u> :–**

| **નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | પંચનામું | ૦૭ |
| ૨. | ફરીયાદ | ૧૦ |
| ૩. | મુદ્દામાલ રવાનગી પત્રક | ૧૧ |

(૪) ઉપરોકત પુરાવો રજુ થયા બાદ સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ નથી. ફરીયાદપક્ષનો પુરાવો સી.આર.પી.સીની કલમ–૨૭૩ મુજબ પુરાવો લેવાની અને નોંધવાની જે રીત જણાવવામાં આવેલ છે તે મુજબ ઈન્સાફી કાર્યવાહી આરોપીઓની હાજરીમાં સી.આર.પી.સી.ની કલમ–૨૭૩ અન્વયે ખુલ્લી અદાલતમાં નોંધવામાં આવેલ છે. કેસનું રેકર્ડ જોતાં કલમ–૨૮૦ મુજબ સાક્ષીઓના વર્તન વિશે કોઈ નોંધ કરવામાં આવેલ હોય તેવું રેકર્ડ ઉપર જણાય આવતું નથી.

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: <u>મુ દ્દા ઓ</u> :–**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, આરોપીએ મોજે પેટલાદ, દેવકુવા વાઘરીવાસ પાસે, વગર પાસ– પરમીટે એક પ્લાસ્ટીકના ગેલનમાં આશરે ૦૪ લીટર જેટલો દેશી દારુ કિંમત રુપીયા ૮૦૦/– ના પોતાના અંગ કબજામાં વેચાણ અર્થે તા.૦૨/૦૩/૨૦૨૬ ના રોજ કલાક ૧૩/૦૦ ના સુમારે આરોપી – કાશીબેન વા/ઓ બાબુભાઇ ડાહ્યાભાઇ તળપદા નાઓના કબ્જા ભોગવટામાંથી મળી આવી ગુનો કરી પકડાઇ જઇ ગુન્હો કરેલ હોવાની હકીકતે આરોપી વિરુઘ્ધ ગુજરાત પ્રોહી.એકટની **કલમ– ૬૫(એ.એ),** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| (૨) | શું હુ ક મ ? |

**(૯)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

| | |
|---|---|
| (૧) | નકારાત્મક. |
| (૨) | આખરી હુકમ મુજબ. |

**(૧૦)** ઉપરોકત મુદાઓના મારા વિગતવારના કારણો નીચે મુજબના છે.

**:: કા ર ણો ::**

( ૭ ) ઉપરોકત બન્ને મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય પુરાવાના બિનજરૂરી પુનરાવર્તન નિવારવા મુદ્દા નંબર–૧ તથા મુદ્દા નંબર–૨ એમ બન્ને મુદ્દાની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવે છે. આરોપીઓ સામે ફોજદારી કેસ છે. પોલીસ ચાર્જશીટ આધારીત કેસ છે. ફોજદારી કેસમાં પુરવાકીય મુલ્યાંકન કરતી વખતે ક્રિમીનલ જયુરીસપ્રુડન્શના સિઘ્ધાંતો ઘ્યાને લેવાના રહે છે, ક્રિમીનલ જયુરીસપ્રુડન્શના મુળભૂત સિઘ્ધાંતો આ તબક્કે ઘ્યાને લેવામાં આવે તો... "Basically, there are three cardinal principles of criminal jurisprudence.

1. prosecution to prove its case beyond reasonable doubt.
2. the accused must be presumed to be innocent.
3. the onus of the prosecution never shifts.

The criminal jurisprudence has given a wider area to the accused. There is no only moral conviction, Howsoever grave the alleged offence may be, suspicion alone cannot take the

place of legal proof. The well established cannon of criminal justice is "fouler the crime higher the proof". સદર હું કામે આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો આક્ષેપ નિશંકપણે પુરવાર કરવાનો રહે છે જ્યાં સુધી આરોપી સામેનો આક્ષેપ નિશંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ વિશેષમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપો સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપો ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી નિશંકપણે સાબિત કરવા જોઈએ. ફોજદારી કેસના ઉપરોકત મુળભૂત સિધ્ધાંતો ધ્યાન સમક્ષ રાખી આ કેસમાં ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ કરેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાન સમક્ષ રાખતાં નીચેની બાબતે પુરાવાકિય મુલ્યાંકન કરતાં રેકર્ડ ઉપર આવે છે.

(૮) ફોજદારી કેસના ઉપરોકત મુળભૂત સિધ્ધાંતો ધ્યાન સમક્ષ રાખી આ કેસમાં ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાન સમક્ષ રાખતાં નીચેની બાબતે પુરાવાકિય મુલ્યાંકન કરતાં રેકર્ડ ઉપર આવે છે. ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા **આંક–૦૬** થી **પંચ સાહેદ રમેશભાઇ નારણભાઇ પટેલ** ને તપાસવામાં આવેલ છે તેઓની જુબાનીનુ મુલ્યાંકન કરતા તેઓએ **આંક–૦૭** થી રજુ થયેલ પંચનામામાં પોતાની સહી ઓળખવા સીવાય અન્ય કોઈ સમર્થનકારક જુબાની આપેલ નથી તે જ રીતે **આંક–૦૮** થી **પંચ સાહેદ નટુભાઇ પુનમભાઇ વ્યાસ નાઓને** તપાસવામાં આવેલ છે તેઓની જુબાનીનુ મુલ્યાંકન કરતા તેઓએ **આંક– ૦૭** થી રજુ થયેલ પંચનામામાં પોતાની સહી ઓળખવા સીવાય અન્ય કોઈ સમર્થનકારક જુબાની આપેલ નથી. આ કામના આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫ ( એએ ) મુજબનુ તહોમત રહેલ છે કેસનો નેચર ધ્યાને લેતા આ કામના **આંક–૦૬** અને **આંક–૦૮** થી તપાસવામાં આવેલ પંચ સાહેદો એક **આંક– ૦૭** થી રજુ કરવામાં આવેલ પંચનામાને સમર્થનકારક જુબાની આપેલ નથી આથી આ કામના **આંક– ૦૭** થી રજુ કરવામાં આવેલ પંચનામુ પુરવાર થયેલ નથી. **આ** કામના ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા **આંક–૦૯** થી **તપાસ કરનાર અમલદાર મહેશભાઇ શનાભાઇ** નાઓને તપાસવામાં આવેલ છે તેઓ ફરીયાદ પક્ષને સમર્થન કારક જુબાની આપેલ છે તેમની જુબાની દરમ્યાન **આંક–૧૦** થી ફરીયાદ રજુ કરેલી છે સદર સાહેદને ઉલટ તપાસમાં તેઓએ કબુલ રાખેલ છે કે, બનાવ વાળી જગ્યા જાહેર જગ્યા છે. આજુબાજુમાં ઘણા લોકો રહે છે. લોકોની અવર જવર રહે છે. તપાસના કામે તેઓએ કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આ કામના ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલા પુરાવા સમર્ગપણે ધ્યાને લેતા **આંક– ૦૭** થી રજુ થયેલ પંચનામુ પુરવાર થયેલ નથી. આ ઉપરાંત તપાસ કરનાર અમલદારે તપાસના કામે કોઇ સ્વતંત્ર સાહેદોને નિવેદનો લીધેલ નથી. તેવા તબકકે ફકત પોલીસ સાહેદ ઉપર ગુનાનુ નેચર ધ્યાને લેતા આધાર રાખી શકાય નહી.

(૯) નામદાર ગુજરાત **હાઈકોર્ટે <u>સ્ટેટ ઓફ ગુજરાત વિ સુરેશભાઈ એસ પટેલ જીએચજે ૨૦૧૧ ભાગ ૨૬ પાનાં નં ૧</u>નો ચુકાદામાં હેલ્ડે કરેલો રેશિયો** ધ્યાને લેતા, નામદાર હાઈકોર્ટે ઠરાવેલ કે જો મૌખીક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પઝેશન–જડતી અને જપ્તીનાં પ્રોહીબીશનનાં કેસ Beyond reasonable doubt પુરવાર થઈ શકે નહી તેવુ ઠરાવેલ છે અને નામદાર હાઈકોર્ટે આરોપીને નીર્દોષ ઠરાવીને છોડી મુકતા ચુકાદાને યથાર્થ ઠરાવેલ છે. હાથ પરના કેસમાં પણ પંચ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી. ફરીયાદ પક્ષ કથીત પ્રોહી મુદ્દામાલ આરોપીનાં સભાનપણાનાં કબજા Exclusive and Conscious Possession માંથી કબજે લેવાયેલ છે કે કેમ, તે હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આ કામે થયેલ જડતી અને જપ્તીની પ્રક્રિયા પણ શંકાસ્પદ થયેલ હોવાનુ જણાય છે જેથી તેનો લાભ આરોપીને આપવા પાત્ર થાય છે.

(૧૦) સાહેદોને તપાસવા બાબતે નામદાર સુપ્રિમ કોર્ટે **૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં: ૮૫** પ્રસિધ્ધ કેસ **સતીષ મહેરા વિ દીલ્હી એડમીનીસ્ટ્રેશન**ના ચુકાદામાં સાહેદોને તપાસવા બાબતે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ ન હોય ત્યારે બાકીનાં સાહેદો ને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. નામદાર અદાલતે નિરીક્ષણ કરેલ કે.... "When Judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court Should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.” હાલનાં કેસમાં મુખ્ય મહત્વનાં પંચસાહેદે ફરીયાદપક્ષનાં કેસને સપોર્ટ કરેલ નથી ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાથી પણ ક્રિમીનલ જ્યુરિશપૃંડન્સ મુજબ કેસ નિ:શંક પુરાવાથી પુરવાર થઈ શકે તેમ નથી.

(૧૧) ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં સાંકળી તકસીરવાન ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ રેકર્ડ ઉપર સ્પષ્ટપણે જણાઈ આવે છે આથી, આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયોચ્ચિત જણાતું હોઈ મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આ કામના **કાશીબેન વા/ઓ બાબુભાઈ ડાહ્યાભાઈ જાતે તળપદા રહે. ગોપાલપુરા રોડ પાસે, તા.પેટલાદ,જી.આણંદ.** ને ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ–**૬૫(એ.એ),** મુજબનાં ગુનામાંથી ક્રિ.પ્રો.કો.ક. ૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના મુદ્દામાલ બાબતે વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે. જો મુદ્દામાલ બાબતે વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય અને મુદ્દામાલની કિંમત ઉપજી શકે તેમ હોય તો અપીલ સમય પુરો થયેથી તેનો ધોરણસર નિકાલ કરવો જો મુદ્દામાલની કિંમત ઉપજી શકે તેમ ન હોય તો અપીલ સમય પુરો થયેથી તેનો ધોરણસર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપી તરફે અગાઉ આપેલ જામીન ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આ હુકમથી ૬(છ) માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૫, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૫/૦૬/૨૦૨૬
સ્થળ : પેટલાદ

(ડી.બી. ગોહીલ)
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને
એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, પેટલાદ

=================================================================================

**<u>કોર્ટના કર્મચારીશ્રીઓએ કરવાના કાર્યો અંગે હુકમ.</u>**

(૧) અત્રેની અદાલતમાં અપલોડની કામગીરી સંભાળતાં કર્મચારીશ્રીએ સદર હુકમ અદાલતમાં જાહેર થયા મુજબ યોગ્ય રીતે વેરીફાઇ કર્યા બાદ અપલોડની કાર્યવાહી તાત્કાલીક કરવી.

(૨) બોર્ડ કલાર્કશ્રીએ સદર કેસ/અરજી ચેક વેરીફાઇ કરવી.

(૩) રજીસ્ટ્રીએ નિયમોનુસાર હુકમ મુજબ આગળની કાર્યવાહી કરી સદર કેસ રેકર્ડ રૂમમાં મોકલવી આપવો.

તારીખ: ૦૫/૦૬/૨૦૨૬
સ્થળ :પેટલાદ

(દિલીપસીંહ બી. ગોહીલ)
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને
એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, પેટલાદ

| ક્રમ | વિગત | કર્મચારીની સહી |
|---|---|---|
| ૧ | ચુકાદો અદાલતમાં જાહેર થયા મુજબ, ચેક વેરીફાઇ કર્યા બાદ અપલોડની કાર્યવાહી કરેલ છે. **અપલોડની કામગીરી સંભાળનાર** | |
| ૨ | આખો કેસ ચેક વેરીફાઇ કરેલ છે. **શીરસ્તેદાર /બોર્ડ કલાર્કશ્રી** | |
| ૩ | હુકમ મુજબ આગળની કાર્યવાહી કરેલ છે. **સુપ્રિટેન્ડેન્ટ/ રજીસ્ટ્રી** | |